*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

## TOPIC 61

# Darbar Move




- ચર્ચામાં શા માટે ?
- દરબાર સ્થળાંતર (Darbar Move) વિશે :
- COVID-19 અને જમ્મુ-કાશ્મીર વિશે :-

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

TOPIC-61નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in | t.me/icerajkotofficial | 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- 148 વર્ષમાં પહેલીવાર જમ્મુ-કાશ્મીર વહીવટીતંત્રએ હાલ COVID-19 મહામારીને ધ્યાનમાં રાખીને જમ્મુથી શ્રીનગરમાં વાર્ષિક રાજધાની સ્થળાંતર સ્થગિત રાખવનો નિર્ણય લીધો છે.

## દરબાર સ્થળાંતર (Darbar Move) વિશે :

- મહત્ત્વપૂર્ણ છે કે લગભગ 148 વર્ષ પહેલાં શરૂ થયેલી રાજધાની સ્થળાંતરની આ પ્રક્રિયા 'દરબાર મૂવ' (Darbar Move) તરીકે જાણીતી છે.
- જમ્મુમાં સામાન્ય પ્રશાસન વિભાગ દ્વારા જારી કરાયેલા હુકમ મુજબ, COVID-19 મહામારીને ધ્યાનમાં રાખીને જમ્મુમાં સિવિલ સચિવાલય કાર્યરત રહેશે અને 'દરબાર મૂવ' હેઠળ આવતા કર્મચારીઓ 'જ્યાં છે ત્યા' (As is where is) આધાર પર કામ કરશે.
- આમ, કાશ્મીર સ્થિત કર્મચારીઓને કાશ્મીરમાં કામ કરવાની છૂટ આપવામાં આવશે અને જમ્મુ સ્થિત કર્મચારીઓને જમ્મુમાં કામ કરવાની છૂટ મળશે.
- આ ઉપરાંત શ્રીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (SMC)ને શ્રીનગરના સચિવાલય ખાતે એક વ્યાપક સ્વચ્છતા અભિયાન હાથ ધરવા સૂચના આપવામાં આવી છે.
- 'દરબાર મૂવ'ની પ્રક્રિયાની શરૂઆત વર્ષ 1872માં ડોગરાશાસક મહારાજા રણબીરસિંહે વધુ સારી વહીવટી પ્રણાલીની સ્થાપનાના લક્ષ્યથી શરૂ કરી હતી.
- મહારાજા રણબીરસિંહે શરૂ કરેલી આ પ્રથા મુજબ મહારાજાનો દરબાર 6 મહિના માટે જમ્મુ અને 6 મહિના શ્રીનગરમાં રાખવામાં આવતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ડોગરા શાસકોએ વર્ષ 1947 સુધી આ પ્રથા ચાલું રાખી હતી અને વર્ષ 1947 પછી દરબારના સ્થાન પર રાજધાની સ્થળાંતરની પ્રથા ચાલું થઈ હતી.
- હાલમાં વર્ષમાં બે વાર 'દરબાર મૂવ' કરવાની પ્રક્રિયામાં આશરે 600 કરોડનો ખર્ચ થાય છે.
- જમ્મુ કાશ્મીરની ઉનાળુ રાજધાની શ્રીનગરમાં અને શિયાળુ રાજધાની જમ્મુમાં રાખવામાં આવે છે.

## COVID-19 અને જમ્મુ-કાશ્મીર વિશે :-

- COVID-19 (કોરોના વાયરસ) હાલના સમયમાં ભારત સહિત સમગ્ર વિશ્વમાં આરોગ્ય અને જીવન માટે એક ગંભીર પડકાર બની ગયો છે. હવે આ વાયરસ આખી દુનિયામાં ફેલાયો છે.
- વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)ના જણાવ્યા અનુસાર COVID-19માં...
  - 'CO' એ કરોનાનો સંદર્ભ આપે છે.
  - 'VI' એ વાયરસનું સૂચન કરે છે.
  - 'D' એ રોગનું સૂચન કરે છે.
  - તથા '19' એ આ રોગના શોધનું વર્ષ સૂચિત કરે છે.
- જમ્મુ કાશ્મીરમાં કોરોના વાયરસ ચેપના 207 કેસો નોંધાયા છે, જેમાંથી 197 હજુ સક્રિય છે અને 4 લોકોના મોત નીપજ્યા છે. જ્યારે બાકીના લોકો સાજા થયા છે. (13 એપ્રિલ, 2020ની સ્થિતિએ)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT